પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૭૨, કુલ પાના:૪, તારીખ: ૧૬-૦૩-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 172 PRICE :-RS. 1.50 DATE : 16-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દેશમાં કોરોનાના રેકોર્ડ ૨૪ કલાકમાં નવા ૨૬,૨૯૧ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના પોઝિટિવ કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. આજે દેશમાં એક દિવસમાં રેકોર્ડ પોઝિટિવ કેસ નોંધાયા છે. આજે દેશમાં એક દિવસમાં રેકોર્ડ કેસ નોંધાયા છે. દેશમાં ગત ૨૪ કલાકમાં ૨૬,૨૯૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે આ મહામારીના કારણે ૧૧૮ લોકોના મોત થયા છે. ગઈકારે ૨૫,૩૨૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. દેશમાં અત્યાર સુધીમાં ૨ કરોડ ૯૯ લાખથી વધારે લોકોને વેક્સિન આપવામાં આવી ચુકી છે.



આરોગ્ય મંત્રાલયના આંકડાઓ પ્રમાણે, આજે દેશમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૧,૧૩,૮૫,૩૩૯ પહોંચી ગઈ છે, તેમાંથી ૧,૫૮,૭૨૫ લોકોના મોત થયાં છે. દેશમાં એક્ટિવ કેસોની કુલ સંખ્યા વધીને ૨,૧૯,૨૬૨ થઈ છે જ્યારે કુલ સ્વસ્થ થાનારા દર્દીઓનો આંકડો ૧,૧૦,૦૭,૩૫૨ થયો છે. ગઈકાલે ૧૭,૪૫૫ દર્દીઓ સ્વસ્થ થયાં, દેશમાં અત્યાર સુધીમાં કુલ ૨,૯૯,૦૮,૦૩૮ લોકો વેક્સિન લઈ ચુક્યાં છે.

અઈસીએમઆરના જણાવ્યું અનુસાર, દેશમાં કાલ સુધીમાં કોરોના માટે કુલ ૨૨,૭૪,૦૭,૪૧૩ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચુક્યાં છે. જેમાંથી ૦૭,૦૩,૭૭૨ સેમ્પલ ગઈકાલે ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધારે કોરોના પ્રભાવિત રાજ્ય બન્યું છે પરંતુ તેની સાથે-સાથે હવે મધ્યપ્રદેશમાં પણ કોરોનાના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. એ સિવાય દેશમાં ગુજરાત, પંજાબ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાનમાં પણ કેસો વધી રહ્યાં છે. તેને જોતા કેન્દ્ર સરકારે એ રાજ્યોમાં પણ સતર્કતા રાખવા જણાવ્યું છે જ્યાં સ્થિતિ કંટ્રોલમાં છે. નીતી આયોગના સભ્ય વીકે પોલે પણ આ અઠવાડિયે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં સ્થિતિ ચિંતાજનક છે કારણ કે ત્યાં અનેક શહેરોમાં સખ્ત લોકડાઉન લાગૂ કરવું પડી રહ્યું છે.

## અમદાવાદમાં આઠ વોર્ડમાં રાત્રીના ૧૦ બાદ ધંધા રહેશે બંધ, કોરોનાના કેસ વધતા કોર્પોરેશનનો મોટો નિર્ણય

રોનાને દેશમાં આવ્યાને એક વર્ષ પૂર્ણ થયું હોવા છતાં કોરોનાના આંકડા હાલમાં સમગ્ર દેશના ગુજરાત સહિતના વિવિધ રાજ્યોમાં જે રીતે વધી રહ્યા છે. તે જોતા સરકારે દરમિયાનગીરી કરી અને મોટો નિર્ણય લેવો પડે તેમ હતો. રાજ્ય સરકાર દ્વારા મહાનગરોમાં રાત્રી કર્ફ્યુ ને લઈને આજે નિર્ણય લેવાય તેવી ચર્ચા થઈ રહી હતી. આ માટે મુખ્યમંત્રી રૂપાણી સાથે ચર્ચા બાદ ગમે ત્યારે નિર્ણય આવે તેની શક્યતાની વચ્ચે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કોરોનાને ધ્યાનમાં રાખી અને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**જોધપુર, નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, ગોતામાં,પાલડી, ઘાટલોડિયા અને મણિનગર સહિતના વિસ્તારોમાં રેસ્ટોરા, મોલ, શો-રૂમ, પાનની દુકાન, કલબ બંધ. ટી સ્ટોલ, ફરસાણની દુકાન, હેર સલૂન સહિતની જગ્યાઓ બંધ રાખવાનો નિર્ણય.**

તેમજ આ નિયમની કડક અમલવારી કરવા માટે તંત્રને આદેશ આપી દેવામાં આવ્યા છે.

જે અંતર્ગત અમદાવાદમાં શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૮ વોર્ડમાં રાત્રિના ૧૦ બાદ ધંધા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોધપુર, નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, ગોતામાં,પાલડી, ઘાટલોડિયા અને મણિનગર સહિતના વિસ્તારોમાં રેસ્ટોરા, મોલ, શો–રૂમ, પાનની દુકાન, કલબ બંધ. ટી સ્ટોલ, ફરસાણની દુકાન, હેર સલૂન સહિતની જગ્યાઓ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના પગલે મહાનગરપાલિકા દ્વારા તેની અમલવારી કરવા માટે પૂરતો પ્રયત્ન કરવામાં આવશે. જેથી તમામ વિસ્તારના નાગરિકોને આ નિયમ ધ્યાનમાં લેવા માટે મહાનગરપાલિકા દ્વારા સૂચના આપી દેવામાં આવી છે.

ખાસ કરીને લોકોના આરોગ્ય પર કોરોના સંક્રમણનો ખતરો તોળાઈ રહ્યો હોય સરકારે આ નિર્ણય લેવાની ફરજ પડી છે જેના ભાગરૂપે જ્યાં ભીડ એકત્ર થતી હોય તે તમામ સ્થળો પર રાત્રે ૧૦ કલાક બાદ વેપાર–ધંધા બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. બારે મહિના રાત્રિના સમયે ધમધમતીમાણકચોક ખાણીપીણી બજાર પણ બંધ રહેશે જ્યારે રાયપુર ખાણીપીણી બજાર પણ બંધ રહેશે. આ નિયમનો ભંગ કરનાર સામે એક કોરોનાની ગાઈડ લાઈન પ્રમાણે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

## ગુજરાત સહિત દેશભરમાં બેંક કર્મચારીઓની હડતાળ, કરોડોના ટ્રાંજેક્શન અટવાયા

ગાંધીનગર,

બેંકોના ખાનગીકરણના વિરોધમાં બેંક કર્મચારીઓની હડતાલમાં ગુજરાતના કર્મચારીઓ પણ જોડાયા હતા. સરકારના પાંચ દાયકા પહેલાંની બેંક વ્યવસ્થા સ્થાપિત કરવા સામે કર્મચારીઓ બે દિવસીય હડતાલ પર ઉતર્યા છે. કુલ ૯ બેંકના યુનિયનના કેન્દ્રીય સંગઠનએ આ બંધની જાહેરાત કરી છે. બેંક કર્મચારીઓ સતત સરકારને અપીલ કરી રહ્યા છે કે કોઈ પણ સરકારી બેંક પ્રાઈવેટના હાથમાં ન સોંપવામાં આવે કારણ કે તેનાથી કર્મચારીઓની નોકરી જોખમાશે.



બે દિવસ સરકારી બેંકમાં કામ નહીં થાય. શનિવાર અને રવિવારની રજા બાદ લોકો આજે વાટ જોઈ રહ્યા હતા. પરંતુ હડતાળના કારણે હવે બે દિવસ કામ થઈ શકશે નહીં. સરકારી બેંક સંબંધિત કામ બુધવારથી શરૂ થશે. તેનો અર્થ એ થશે કે લોકોએ હજુ બે દિવસ રાહ જોવી પડશે. જો સરકાર કર્મચારીઓની માગમી માની લે તો હડતાળ પાછી પણ ખેંચાઈ શકે છે.

ત્યારે હડતાળની અસર ગુજરાતની બેંકો પર પડી છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિત રાજ્યભરમાં બેંકોની હડતાલના લીધે કરોડો રૂપિયાના ટ્રાંજેક્શન ખોરવાય ગયા છે. વલસાડ જિલ્લામાં આવેલી રાષ્ટ્રીય કૃત બેંકોના ૨૦ હજારથી વધુ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. બેંક કર્મચારીઓ ૧૫ અને ૧૬ માર્ચ સુધી હડતાલ પર રહેશે. તેનાથી બેંક શાખાઓમાં જમા, વિડ્રો સહિત ચેક ક્લિયરન્સ અને લોન અપ્રુવલ સર્વિસ પ્રભાવિત થશે. એટીએમ સેવા ચાલુ રહેશે. આ બેંક હડતાલ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા આપવામાં આવી છે.

તો આ તરફ બેંક કર્મચારીઓની હડતાલમાં રાજકોટના કર્મચારીઓ પણ જોડાયા હતા.રાજકોટના આશરે ત્રણ હજાર જેટલા કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા .કર્મચારીઓએ પરા બજાર ખાતે બેનરો સાથે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. બેંક કર્મચારીઓનું કહેવું છે કે ખાનગીકરણને કારણે ગ્રાહકોની થાપણો અસુરક્ષિત થઈ શકે છે. બે દિવસ રજા અને બે દિવસ હડતાલને કારણે અંદાજિત ૨૦૦ કરોડનું ટર્ન ઓવર અટકી પડશે.

ત્યારે આજે જામનગર માં ૧૨૦ જેટલી રાષ્ટ્રીયકૃત બેંકોની શાખા દ્વારા ૩૫૦૦ કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે, દરરોજનું ૧૦ હજાર કરોડથી પણ વધુનું ક્લિયરીંગ થઈ રહ્યું છે, ખાસ કરીને રાષ્ટ્રીયકૃત બેંકોના ખાનગીકરણના મુદ્દાઓને લઈને કર્મચારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહી છે. ત્યારે આજે જામનગર શહેરમાં દિપક ટોકીઝ પાસે આવેલી યુકો બેંક ખાતે ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના કર્મચારીઓ દ્વારા હડતાલ મામલે આજે સૂત્રોચ્ચાર સાથે શાંતિપૂર્ણ માહોલમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગુ થશે

ન્યુ દિલ્હી,

આગામી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગી જશે. એટલુંજ નહીં, ૧૨૦માઈક્રોન સુધીની જાડાઈવાળા પ્લાસ્ટિક બેગ અને ૨૪૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા નોનવોવન બેગનો ઉપયોગ પણ બંધ થઈ જશે. પ્લાસ્ટિકના કચરાના દુષ્પ્રભાવને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે આ અંગેના નોટિફિકેશનનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે.

આ ડ્રાફ્ટ અંગે લોકોની મુશ્કેલીઓ અને સૂચનો જાણવા માટે ગુરુવારથી ૬૦ દિવસ માટે તેને પબ્લિક ડોમેનમાં લાવવામાં આવ્યો છે. ત્યાર બાદ તેનું ગેઝેટ નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત ફેબ્રુઆરી મહિનામાં વડાપ્રધાન કાર્યાલયે પ્લાસ્ટિકના ઉપયોગને સીમિત કરવાને અનુલક્ષીને બેઠક રાખી હતી. તે બેઠકમાં માઈક્રો પ્લાસ્ટિક એટલે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓનો ઉપયોગ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. આ પહેલા ૫૦ માઈક્રોન સુધીની પ્લાસ્ટિક બેગ અને વસ્તુઓ પર પ્રતિબંધ મુકવાનો જ નિયમ હતો. દેશભરમાં સમાન રીતે લાગુ થનારા આ નવા નિયમો પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સંશોધન) નિયમ, ૨૦૨૧ તરીકે ઓળખાશે. દિલ્હીમાં પર્યાવરણ વિભાગના વિશેષ સચિવ કે.એસ. જયચંદ્રને સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધને લઈ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ તથા દિલ્હી પાર્ક એન્ડ ગાર્ડન સોસાયટીના નામે આદેશ પણ જાહેર કરી દીધા છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના સર્વે રિપોર્ટ પ્રમાણે દેશમાં વાર્ષિક ૧૬ લાખ ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પન્ન થાય છે. જ્યારે દિલ્હીમાં તે આંકડો વાર્ષિક ૮૦૦ ટન જેટલો છે. યાદીમાં સમાવિષ્ટ વસ્તુઓમાં ડિસ્પોઝેબલ ક્રોકરી, પીવાના પાણીના પેક્ડ ગ્લાસ, થર્મોકોલ અને પ્લાસ્ટિકથી બનેલી સજાવટની તમામ વસ્તુઓ, પ્લાસ્ટિકની થેલીઓ, ૫૦ મિમી કે ૫૦ ગ્રામ સામાનવાળા પ્લાસ્ટિકના પાઉચ, ફુગ્ગા, ઝંડા, ટેટ્રાપેકના પાઈપ, પેકિંગ માટેની પ્લાસ્ટિક શીટ, ૫૦૦ મિમીસુધીના તરલ પદાર્થોવાળી પ્લાસ્ટિકની હલકી બોટલ્સ વગેરેનો સમાવેશ થાય છે.

## SCએ EC અને કેન્દ્રને નોટિસ, પૂછ્યું- જો મોટી સંખ્યામાં NOTA મત પડે તો શું?

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ ફટકારતા પૂછ્યું કે જો કોઈ જગ્યાએ વધુ લોકો દ્વંદ્વમાં મત આપે તો ચૂંટણી રદ થવી જોઈએ?

મતદાતાઓને રાઈટ ટૂ રિજેક્ટ આપવાની માગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરવા માટે તૈયાર છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટમાં આ અરજી ભાજપ નેતા અને વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાયે દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો કોઈ બેઠક પર નોટાને સૌથી વધુ મત મળે તો ચૂંટણી રદ થવી જોઈએ. અને નવેસરથી મતદાન થવું જોઈએ. આ મામલે કોર્ટે ચૂંટણી પંચને નિર્દેશ આપવાની માગ કરતી અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ મોકલી છે. જોકે NOTAની ચૂંટણીમાં કોઈ અસર નથી થતી. તો માત્ર મતદારોની નારાજગી માટે હોય છે. મતદાર આના દ્વારા જણાવે છે કે તેમને કોઈ પણ ઉમેદવાર નથી પસંદ અને તેમણે કોઈને મત નથી આપ્યો. જોકે આ મામલે રાઈટ ટૂ રિજેક્ટ એટલે તમામને બરતરફ કરવાનો અધિકાર જોડાયેલો છે. આજ સિલસિલામાં ચૂંટણીમાં NOTAનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. એટલે જો કોઈ મતદારને કોઈ પણ ઉમેદવાર પસંદ નથી તો તે NOTAનું બટન દબાવીને મત આપી શકે છે. પરંતુ NOTAનું કોઈ મહત્વ હોતું નથી. સોમવારે સુનાવણીમાં અરજીકર્તા વકીલ માનેકા ગુરૂસ્વામીએ કહ્યું કે, જો ૯૯ ટકા મતદાર NOTAનું બટન દબાવે છે તો તેમનું કોઈ મહત્વ નથી. બાકી એક ટકા મતદારનો મત નક્કી કરે છે કે ચૂંટણી કોણ જીતશે. એટલા માટે જનહિતમાં અરજીમાં માંગ કરવામાં આવી છે કે જો સૌથી વધુ મત NOTAમાં પડે છે તો તે જગ્યાએ ચૂંટણી રદ થવી જોઈએ. લોકોના મતનું સન્માન થવું જોઈએ. આના પર જસ્ટિસ બોબડેએ કહ્યું કે, જો આવું થાય છે તો તે જગ્યાએ કોઈ પણ ઉમેદવાર નહીં જીતે. એટલે તે જગ્યા ખાલી રહી જશે. પછી સાંસદ અથવા વિધાનસભાનું ગઠન કેવી રીતે થશે. તેના જવાબમાં ગુરૂસ્વામીએ કહ્યું કે, જો NOTAનો મત વધુ હોય તો કોઈપણ ઉમેદવાર નહીં જીતે તો ત્યાં સમયબદ્ધ રીતે બીજી વખત ચૂંટણી થઈ શકે છે. તેવામાં તમામ નવા ઉમેદવાર ચૂંટણી લડશે. આ તમામ સવાલો પર સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે. હવે સુપ્રીમ કોર્ટ નક્કી કરશે કે NOTAનું ચૂંટણીમાં મહત્વ હશે કે નહીં. જો સુપ્રીમ કોર્ટ અરજીના હકમાં ચૂકાદો આપે છે તો ચૂંટણી સુધારમાં એક ઐતિહાસિક નિર્ણય હશે.

## સ્વાસ્થ્ય અને શિક્ષણનો પાયો ૭૦૦૭ આંગણવાડી ભાડાના મકાનમાં

ગાંધીનગર,

બાળકો, ધાત્રી માતાઓ, સગર્ભા મહિલાઓને મદદ રૂપ આંગણવાડીનું પોતાનું જ ઘર નથી. સ્વાસ્થ્ય અને શિક્ષણમાં મહત્વનો રોલ ભજવનાર મોટા ભાગની આંગણવાડીઓ ભાડાના મકાનમાં તાલે છે. ગુજરાતમાં ૭ હજાર ૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે આ અમે નથી કહેતા પણ વિધાનસભામાં આ અંગે પ્રશ્નોત્તરી દરમિયાન જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. ૩૩જિલ્લાઓમાંથી ૨૮ જિલ્લામાં ભાડાના આંગણવાડીઓ ચાલી રહી છે. મકાનમાં છે. આણંદ જિલ્લામાં સૌથી વધુ ભાડાના મકાનમાં આંગણવાડીઓ ચાલે છે.

ગુજરાત વિધાનસભા ગૃહમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રીએ આંગણવાડીઓ અંગે જવાબ રજૂ કર્યો હતો જે ગુજરાતમાં શિક્ષણ અને પોષણના દરનો ઘટાડા માટે ક્યાંકને ક્યાંક જવાબદાર હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. ગુજરાતમાં આંગણવાડીઓ દ્વારા માત્ર બાળકો જ નહીં પરંતુ ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને પણ મદદ પહોંચાડવામાં આવે છે વળી માત્ર શિક્ષણ જ નહીં પરંતુ કુપોષણ સામે લડવા માટે પણ આંગણવાડીનો વપરાશ કરવામાં આવતો હોય છે એવા સમયે પાયારૂપ વ્યવસ્થા જ ભાડાના મકાનોમાં ચાલતી હોય ત્યારે શિક્ષણ અને સ્વાસ્થ્ય બંને ભાડાના મકાનમાં ચાલતા હોવાની ચર્ચા જોર પકડ્યુ છે એવામાં આ સરકારી આંકડા શંકા કુશંકાઓને વધુ પ્રોત્સાહીત કરે છે.

## વિધાનસભામાં ટી શર્ટ પહેરીને આવનારા કોંગ્રેસી ધારાસભ્યને સ્પીકરે બહાર કાઢ્યા

ગાંધીનગર,


ગુજરાત વિધાનસભામાં આજે ટી શર્ટ પહેરીને આવેલા કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાને વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીએ બહાર કાઢી મૂકતાં વિવાદ સર્જાયો હતો. આ મુદ્દે વિમલ ચુડાસમા અને સ્પીકર વચ્ચે દલીલબાજી પણ થઈ હતી. વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીએ વિમલ ચુડાસમાને કહ્યું હતું કે,આપ ટી શર્ટ પહેરી ને આવ્યાં છો તેથી આ ગૃહની બહાર જાવ અને ટી શર્ટ બદલીને આવો. આ મુદ્દે વિધાનસભા અધ્યક્ષ અને વિમલ ચુડાસમા વચ્ચે બોલાચાલી થઈ હતી. ચુડાસમાએ દલીલો ચાલુ રાખતાં છેવટે સ્પીકરે સાર્જન્ટ્સને આદેશ કરતાં તેમણે ચુડાસમાને બહાર કાઢ્યા હતા.




## કોરોના રસી આપવામાં લોલંલોલ? રસી લીધા વગર જ મળી રહ્યા છે સર્ટિફિકેટ

સુરત,

સુરતના સરકારી આરોગ્ય કેન્દ્રમાંથી રસી આપવાનો આશ્ચર્યજનક કિસ્સો સામે આવ્યો છે. હરિદ્વાર ગયેલા વૃદ્ધ વ્યક્તિને રસી આપ્યાનું પ્રમાણપત્ર મળ્યું છે. વૃદ્ધને ૧૩ માર્ચે કોરોના રસી મુકવા માટેની એપોઈન્ટમેન્ટ મળી હતી. પરંતુ તે પહેલાં ૯ માર્ચે વૃદ્ધ હરિદ્વાર ગયો હતો અને રસી ન મળવા છતાં તેમને પ્રથમ ડોઝ આપવાનું પ્રમાણપત્ર મોકલવામાં આવ્યું હતું. જેને લઈને વૃદ્ધ પણ ચોંકી ગયા હતા. જોકે, આ સમગ્ર મામેલ વહીવટી તંત્રએ મૌન ધારણ કર્યું છે અને કોઈપણ પ્રકારની સ્પષ્ટતા આપવાનો ઈનકાર કર્યો છે.



સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા સિંઘ પરિવારના વૃદ્ધ વ્યક્તિ હરિદ્વાર ગયા ત્યારે સુરતના બમરોલીમાં આરોગ્ય કેન્દ્રમાં કોરોના રસીનો પ્રથમ ડોઝ સફળતાપૂર્વક આપવામાં આવ્યો છે તેનું પ્રમાણપત્ર પણ મળી ગયું છે. જેથી આખા પરિવારને હેરાનગતી થઈ કે, પિતા અહીં નથી તો આ રસી કોને લગાવી. વાત એમ છે કે, અનુપસિંહે ૧૦ માર્ચે તેમના માતા અન્નપૂર્ણા સિંહ અને પિતા હરીભાન સિંહને કોરોના રસી અપાવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેઓને રસી લેવા માટે ૧૩ માર્ચની એપોઈન્ટમેન્ટ આપવામાં આવી હતી. પરંતુ પિતા હરીભાન સિંહ હરિદ્વાર કુંભ ગયા હતા. તે હજી પણ આવ્યા નથી જેથી રસી મેળવી શક્યા ન હતા.

આ અંગે પુત્ર અનૂપે કહ્યું કે, તેના માતાપિતાની એપોઈન્ટમેન્ટ હોવાથી, તેને માતાને રસી અપાવતા પહેલા જ તેના પિતા હરીભાન સિંહને કોરોનાનો પ્રથમ ડોઝ આપવા આવ્યો હોવાનું ઓનલાઈન પ્રમાણપત્રનો મેસેજ મળ્યો. જ્યારે તેઓએ આ મામલે તપાસ માટે બમરોલી હેલ્થ સેન્ટર પહોંચ્યો ત્યારે ત્યાંના સ્ટાફે આ અંગે તપાસ કર તો તેઓની પાસે પણ ઓનલાઈન સર્ટિફિકેટ હતું. અને આ મામલે તેઓ કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યા નહીં.

નોંધનીય છે કે, સુરત મહાનગર પાલિકા સંચાલિત બમરોલી આરોગ્ય કેન્દ્ર પર રસીકરણ વિના સર્ટિફિકેટ આપવાનો આ પહેલો કેસ નથી. એનજીઓ ચલાવતા રાકેશસિંહે પણ પોતાની વૃદ્ધ સાસુ અને સસરાને કોરોના રસી લેવા માટે ઓનલાઈન નોંધણી કરાવી હતી. રાકેશને પણ ૧૩ માર્ચે જ એપોઈન્ટમેન્ટ આપવામાં આવી હતી. રાકેશ તેમના સાસુ અને સસરા સાથે આરોગ્ય કેન્દ્ર પર પહોચે તે પહેલાં તેમની સાસુને કોરોનાની રસીનો સફળ ડોઝ આપવામાં આવ્યો હોવાનો મેસેજ મળ્યો હતો. જે જોઈને રાકેશ પણ ચોંકી ગયો હતો. તેમણે સાસુનો સંપર્ક કરતા તે ઘરે હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, તેમણે તેમની સાસુ નિર્મલાબેન સોલંકીના કોરોના રસીના સફળ ડોઝનું પ્રમાણપત્ર મેઈલ પર આવ્યું હતું. જેમાં પ્રમાણપત્ર પર રસી આપનાર ડોકટરનું નામ મનીષા ગોહિલ લખેલું હતું. અને ડો.મનીષા ગોહિલ દ્વારા પાંડેસરામાં કૈલાસ નગર ચાર રસ્તા પાસે આવેલા આરોગ્ય કેન્દ્રમાં રસી આપવામાં આવી છે.

આ અંગે રાકેશે જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટર અને સુરત મનપા કમિશનરને આવેદનપત્ર આપવાની સાથે પ્રમાણપત્ર આપનાર મનીષા સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણા તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કૌભાંડનો આક્ષેપ

ગાંધીનગર, મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના સરસવા ઉત્તર ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સર્વે કરવામાં ગેરીરીતિ આચરી ગરીબોના નામો કંઈ કર્યાના આક્ષેપો સાથે ગ્રામજનો રજુઆત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના એવી પ્રધાનમંત્રી આવાસ યોજના કે જે આવનાર વર્ષોમાં કોઈ પણ દેશવાસી ઘરવિહોણા ન રહે તે માટે કાર્યરત કરવામાં આવી પરંતુ તેમાં પણ ગેરરીતિની બુમો ઉઠવા પામી છે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના સરસવા ઉત્તર ગામે પ્રધાનમંત્રી આવાસ યોજાનામાં સર્વે કરવામાં ગેરીરીતિ આચરી ગરીબોના નામો કંઈ કર્યાના આક્ષેપો સાથે ગ્રામજનો રજુઆત કરી .

મહીસાગર જિલ્લામાં આવેલ કડાણા તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો અને ડુંગરાળ વિસ્તાર ધરાવતો તાલુકો છે અહીં ગરીબ આદિવાસીઓ વસવાટ કરે છે કડાણા તાલુકાના મોટાભાગના આદિવાસી લોકોને રહેવા માટે ઘર તો ઠીક પણ ઝુપડાના ઠેકાણા નથી ત્યારે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે લોકોને ઘર નથી તેવા ગરીબ લોકોને રહેવા માટે ઘર મળી રહે તે હેતુ સર યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ તેમાં પણ ગેરરીતિના આક્ષેપો થવા લાગ્યા છે.

યોજના અમલમાં મુકાયા બાદ તંત્ર દ્વારા અરજીઓ મંગાવી તેની યાદી તૈયાર કરી બાદમાં સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં શિક્ષકોને પણ સામેલ કરાયા હતા સર્વે દરમ્યાન અરજદારને ઘર છે કે નહીં, કેવા પ્રકારનું ઘર છે, એક ઘરમાં કેટલા લોકો રહે છે નોકરી ધંધો કે કોઈ પણ પ્રકારનું વાહન છે અગાઉ કોઈ પણ યોજનામાં આવાસનો લાભ મળેલ છે કે નહીં જેવા મુદ્દાઓ ચેક કરી આ સર્વે તાલુકા પંચાયતમાં જમા કરાયો હતો ત્યાર બાદ હાલમાં આ પીએમ આવાસ યોજનામાં મંજુર થયેલ આવસોનું લિસ્ટ બહાર આવ્યું છે જેમાં અનેક જગ્યાએ ગેરરીતિ થયાના આક્ષેપો થઈ રહ્યા છે

હાલ કડાણા તાલુકાના સરસવા ઉત્તર ગામના ગ્રામજનો આ મંજુર લાભાર્થીઓનું લિસ્ટ જોઈને રોષે ભરાયા છે કારણ કે જે લોકોને હાલ આવાસની જરૂર છે તેવા અતિ ગરીબ લોકોનુ નામ યાદીમાં ન આવ્યુ પરંતુ અમુક પાત્રતા ન ધરાવતા નોકરિયાત વર્ગ અને અમુક ધંધાદારી લોકોના નામે આવાસ મંજૂર થયા છે ત્યારે સર્વેની કામગીરી પર અનેક પ્રશ્નો ઉભા થયા છે અગાઉની જે યાદી હતી તેમાં થઈ ૪૫ જેટલા અરજદારોના નામ સર્વે પછી કમી કરી દેવામાં આવતા સરસવા ઉત્તર ગ્રામ પંચાયતના ધનસુરા ગામના ગરામજનો કડાણા ખાતે આવી તાલુકા વિકાસ અધિકારીને મળી રજુઆત કરી કયા કારણસર ૪૫ અરજદારોના નામ કંઈ થયા તેનું કારણ ઉપરાંત ગેરરીતિની તપાસ કરવાની માંગણી કરી હતી

આ અંગે કડાણા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી ગણાવા સાથે મૌખિક વાતચીતમાં જણાવ્યું હતું કે લાભાર્થીઓની પાત્રતા અંગેનું સર્વે શિક્ષકો અને તલાટી દ્વારા કરવામાં આવેલ છે જેથી કયા કારણસર નામો કંમી થયા છે અને પાત્રતા ન ધરાવતા લોકોના નામ યાદીમાં હશે તો તે અંગે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## સંતરામપુર પાલિકા તંત્ર નગરજનોની પ્રાથમિક સમસ્યા માટે રજુઆત છતાં બેદરકારી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા રહીશોની અરજીનો નિકાલ કરવામાં નિષ્ફળ સંતરામપુર નગરપાલિકામાં છેલ્લા છ માસથી કોઈપણ પ્રકારની કામગીરી થતી નથી. નગરના કેટલાક પ્રશ્નોને લઈને નગરપાલિકામાં સ્થાનિક રહીશો વારંવાર લેખિતમાં રજૂઆત કરે છે પરંતુ નગરપાલિકાના ચીફ ઓફિસરની બેદરકારી જોવાઈ રહી છે. જે પણ વ્યકિત કોઈપણ સમસ્યાની લેખિતમાં રજુ લઈને રજૂઆતને જાય ત્યારે તમારૂં કામ થઈ જશે પરંતુ કોઈ કામ કરવામાં આવતું જ નહીં છેલ્લા છ માસથી સ્થાનિક રહીશોને કામગીરી કરવામાં આનાકાની કરી રહેલી છે. સંતરામપુર નગરપાલિકાના વોર્ડ નંબર છ રજાનગર વિસ્તારમાં પાણીના નિકાલ માટેની ગટર લાઇન રીપેરીંગ અને જાડી નાખવા માટેની વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત કરનાર વ્યક્તિ ઈરફાનભાઈ કોઠારી અને શબ્બીરભાઈ બગડવાના છેલ્લા છ માસથી આ કામગીરી માટે રજૂઆત કરી હતી પરંતુ આ કામગીરી ના થતા સ્થાનિક રહીશે અને નગરપાલિકાની બેદરકારીના કારણે સ્થાનિક રીતે સુવિધા માટે વોર્ડ નંબર છના રહી સો પોતાના ખર્ચે ગટર લાઇન રીપેરીંગ કરાવી હતી. આજ રીતે ગોધરા ભાગોળ વિસ્તારમાં ચાર રસ્તા ઉપર મુખ્ય લાઈનિંગ પાઈપલાઈન ખોદી નાખતાં છેલ્લા એક વર્ષથી અધૂરી કામગીરીથી છોડી દેવામાં આવેલી છે. આજ દિન સુધી તેની મરામત કરવામાં આવેલી જ નથી નગરપાલિકા નો વહીવટ દિનપ્રતિદિન વહીવટ ખાડે ગયેલો જોવાઈ રહ્યો છે. સંતરામપુર રાજ ઈલેક્ટ્રિકલ્સ સામે ગલીમાં જાડી નાખવા માટે છેલ્લા છ મહિનાથી સ્થાનિક રહીશોએ વારંવાર મૌખિક અને લેખિતમાં રજૂઆત કરવા છતાંય કામગીરી કરવામાં આવતી જ નથી નગરપાલિકાના ચીફ ઓફિસર સરકારી અધિકારી હોવા છતાંય છેલ્લા છ માસની અંદર નગરના પ્રજાની સમસ્યાનો નિકાલ કરવા તૈયાર જ હશે દિવસે દિવસે સંતરામપુર નગરપાલિકા નો વહીવટ બગડતો જાય છે કોઈ પણ સ્થાનિક લોકોના કામો થતાં જ નહીં સંતરામપુરના ચીફ ઓફિસર માત્ર એક જ જવાબ આપે છે અમારી પાસે બાંધકામ ખાતાના એન્જિનિયર નથી અને નાના પ્રશ્નોની નિકાલ કરવા માટે એક જવાબ આવતા હોય છે કે ઠરાવમાં મૂકવું પડશે. સંતરામપુરની પ્રજાની કામગીરી કરવાના બદલે તમને ગેરમાર્ગે દોરે છે પરંતુ કામગીરી કરવામાં આવતી જશે જિલ્લા કલેકટર સી સંતરામપુર નગરપાલિકા ની મુલાકાત લે નગરના પ્રજાના કામોની અરજીનો નિકાલ થાય સંતરામપુર ના નગરજનો ઈચ્છી રહ્યા છે.

## સંતરામપુર તાલુકા બુગઢ પ્રા.શાળામાં આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાયો



સંતરામપુર, મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની ચિતવા પે સેન્ટરની પટેલ ફળિયા વર્ગ બુગઢ પ્રાથમિક શાળામાં આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ અંતર્ગત "દાંડીયાત્રા સંપૂર્ણ માર્ગદર્શન" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ યોજાયેલ દાંડીયાત્રા કાર્યક્રમમાં બાળકોએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે સ્વતંત્ર સેનાની વિશે વકતૃત્વ સ્પર્ધા, લોકશાહીની સાચી સંકલ્પના, આઝાદી પછી આવેલ પરિવર્તનોની જાણકારી શાળાના આચાર્ય રમેશભાઈ ચૌહાણ તથા સ્ટાફ મિત્રો દ્વારા આપવામાં આવી હતી. ઘણાં બાળકોએ ગાંધીજી ના જીવન પ્રસગ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમ ને વધુ સફળ બનાવવા ટેકનોલોજીનો ઉપયોગ કરી યુ ટ્યુબના માધ્યમથી દાંડીયાત્રા નો વિગતે પરિચય અને સમજ આપી પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સંતરામપુરના હેલ્થ વર્કરને કોરોના રસી લીધા પછી કોરોના ગ્રસ્ત

સંતરામપુર, સંતરામપુર નગરમાં રહેતા હેલ્થ વર્કરને કોરોનાની વેક્સિન રસીના બે ડોઝ લીધા પછી તેનો રિપોર્ટ પોઝિટિવ કોરોના આવતા જિલ્લા આરોગ્ય તંત્રમાં સન્નાટો છવાયો સંતરામપુર નગરમાં કોરોના ના વધતા જતા પ્રકોપને અટકાવવા માંગ ઉઠી છે. સંતરામપુર નગરમાં અલગ અલગ વિસ્તારોમાં મોટા બજાર નવા બજાર સહકારી સોસાયટી કોરોના દર્દીઓ ખાનગી દવાખાનામાં સારવાર અપાઈ રહી છે. તો કેટલાક હોમકોમ ટાઈમ થઈ ગયેલા છે અને સારવાર પણ કરી રહેલા છે ત્યારે નગરમાં કોરોના ટેસ્ટ ની કામગીરી વધારાઈ આરોગ્ય વિભાગ સર્વેની કામગીરી હાથ ધરે તો તે જરૂરી છે. સંતરામપુર પોલીસ મથકમાં પોલીસને પણ કોરોના પોઝીટીવ આવતા હોમકોમ કામ થઈ ગયા છે. નગરજનોએ કોરોના થી બચવા સરકારની ગાર્ડન મુજબ ળફભ શહેરો અને સોશિયલ ડિસ્ટન્સ રાખવો કંઈ તમામ સૂચનાનું પાલન કરવું અને સરકારી તંત્ર દ્વારા દરેક નિયમોનો કડક અમલ કરવામાં આવી હવે જરૂરી બન્યું છે.

## મહીસાગરમાં આજે ૦૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૫૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષના તથા સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૫-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૫૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લોમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રીઓ અને ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ અને સંતરાપુર તાલુકાની ૦૧ સ્ત્રીસ દર્દીએ કોરોનાને મ્હાનત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લોમાં અત્યાર સુધીમાં કુલ ૨૦૬૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૩૮૬૧૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૬૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૨ દર્દી હોમ આઈસોલેશન અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૭ દર્દીઓ સ્ટેબલ અને ૧૧ દર્દીઓ ઓક્સિજન પર છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરાના સલામપુરા ગામમાં સોલંકી ફળીયામા આવેલા એક ખેતરમા મગર ખેડૂતને જોવા મળતા વન વિભાગે જાણ કરવામાં આવી હતી. વન વિભાગની ટીમે ખેતર માંથી ૬ ફૂટ લંબાઈ ધરાવતા મગર ને પકડી પાડીને સલામત રીતે ખાંડીયાની કુણ નદીમાં છોડી દેવામાં આવ્યો હતો.

## શહેરા બસ સ્ટેશન પાસે વીજ ટ્રાન્સફોરમરમાં આગ લાગતાં ફાયર ટીમની મદદથી આગ કાબુમાં લીધી

શહેરા, શહેરાના બસ સ્ટેન્ડ પાસે વીજ ડી.પી. માં અચાનક આગ લાગી હતી. વીજ કમી અને રાહદારીઓ એ ફાયર સેફ્ટીની મદદથી મહામહેનતે વીજ ડિપી મા લાગેલ આગ ઓલવાઈ હતી.

શહેરા નગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં વીજ ડી.પી.માં આગ લાગી હોવાની ઘટના બની હતી. ભરચક વિસ્તાર ગણાતા બસ સ્ટેન્ડ પાસે સુકુન હોસ્પિટલની બાજુમાં આવેલ વીજ ડી.પી.માં અચાનક આગ લાગતા ત્યાંથી પસાર થતા રાહદારીઓ એ માટી નાખીને આગ ઓલવાની કોશિશ કરવા સાથે આ બાબતની જાણ MGVCL ને કરી હતી.આગ લાગેલ સ્થળ ખાતે MGVCL ના કર્મચારીઓ દોડી આવ્યા હતા.રાહદારીઓ તેમજ MGCVL ની ટીમે ફાયર સેફ્ટીની મદદથી આગને બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. વીજ ડીપીમાં લાગેલ આગ મહામહેનતે બુઝાવવામાં આવી હતી. જોકે અહી એક મોટી ઘટના બનતી અટકી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૬-૦૩-૨૦૨૧, મંગળ, ફાગણ સુદ-૩, સૂર્યોદય-૬-૩૧, સૂર્યાસ્ત-૬-૨૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્રઃ રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## રાજકોટનું સર્વાંગી વિકાસલક્ષી કરબોજ વિનાનું ૨૨૭૫ કરોડનું બજેટ

રાજકોટ, મનપાનું વર્ષ ૨૦૨૧-૨૨નું કરબોજ વગરનું ૨૨૭૫ કરોડનું બજેટ મ્યુ. કમિશ્નર ઉદીત અગ્રવાલે આજે સવારે ૧૦:૩૦ વાગ્યે સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પુષ્કર પટેલને સુપ્રત કર્યુ હતુ. ૨૦૨૦-૨૧માં કોરોના કાળવાળા વર્ષને કારણે ગત વર્ષના બજેટમાં આવકના અંદાજો પૂર્ણ થઈ શકયા નહિં તેના કારણે બજેટમાં ૬૦૦ કરોડની ખાધ આવી છે . નવા ભેળવાયેલ મુંજકા, ઘંટેશ્વર, મોટા મૌવા, માધાપર સહિતનાં પાંચ ગામમાં રસ્તા, ડ્રેનેજ, પાણી સહિતની સુવિધા માટે ૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મ્યુ. કમિશ્નર શ્રી અગ્રવાલે બજેટની વિસ્તૃત વિગતો પત્રકાર પરિષદમાં રજૂ કરતા જણાવ્યુ હતુ કે, રાજકોટ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામ મેળવી રહ્યું છે ત્યારે શહેરમાં મેટ્રો સીટી જેવી સુવિધા આપવી એ તંત્ર માટે પડકાર છે ત્યારે મ.ન.પા. આ પડકારને પહોંચી વળશે તેવી આશાસાથે વર્ષ ૨૦૨૧-૨૨નું આ બજેટ રજુ કર્યું છે.

બજેટમાં નવી ટી.પી. સ્કીમોનું ડેવલપમેન્ટ, માપણી તેમજ કાલાવડ રોડ, (ગૌરવ પથ), અમીન માર્ગ અને ત્રિકોણબાગથી માલવિયા ચોક સુધીનો રોડ વગેરે રસ્તાઓ લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટ હેઠળ પહોંળા કરવા.

ઉપરાંત પ્રદ્યુમન પાર્ક ઝુમાં નવા પ્રાણીઓ તેમજ શહેરમાં મેટ્રોરેલની શક્યતાના અભ્યાસ માટે રૂા. ૧૦ લાખની જોગવાઈ વગેરે બાબતોનો સમાવેશ કર્યો છે ત્યારે આશા છે કે સ્ટેન્ડીંગ કમિટિ આ બજેટ મંજુર કરશે તેવી આશા છે. આ વર્ષે વેરા વસુલાતનો ટાર્ગેટ ૩૪૦ કરોડ જેટલો રખાયો છે જે ગત વર્ષ કરતા 1II ગણો છે તે અત્રે નોંધનિય છે.

આ વર્ષે બજેટમાં પાણીવેરામાં કોઈ રાહત આપવામાં આવી નથી. તેમજ નવા વિસ્તારોમાં મિલકત વેરો વધારવામાં આવ્યો છે. આ વર્ષના બજેટમાં શહેરમાં વર્ટીકલ ગાર્ડન બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. શહેરમાં નવા ભળેલા ૫ ગામોમાં ૭૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

નવા ભળેલા ગામો જેમાં મોટામવા, મુંજકા, માધાપર, મનહરપરા, ઘંટેશ્વરના વિસ્તારોમાં વેરાની આકારણી શરૂ થઈ છે. ફાયર બ્રિગેડ, ડ્રેનેજ, કન્ઝરવન્સી ટેક્સ યથાવત રાખવામાં આવ્યો છે. ચાલુ વર્ષે પાણી વેરો યથાવત રાખવામાં આવ્યો છે.

વાહન વેરાનો લક્ષ્યાંક ગત વર્ષે ૧૯ કરોડનો હતો. જે ૧૧૨૩ કરોડની જ વસુલાત કરવામાં આવી હતી. વેરાની ચુકવણી ડિજિટલ કરનારને ઓછામાં ઓછું ૫૦ અને વધુમાં વધુ ૨૫૦ રૂપિયાનું રિબેટ આપવામાં આવશે. ગત વર્ષ કરતા રિવાઈઝડ બજેટ ૧૧૫૪ કરોડ હતું જે વધારીને ૧૫૦૦ કરોડ કરવામાં આવ્યું છે.

રાજકોટના નવા ભળેલા ઘંટેશ્વર, મુંજકા અને મોટામવા ગામમાં ભૂગર્ભ ગટર માટે ૯૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મનપા દ્વારા ૧૦૦ ઈલેક્ટ્રિક બસ મૂકવામાં આવશે. શહેરમાં વર્ટીકલ ગાર્ડન અને સર્કલ રિડેવલોપમેન્ટ કરવામાં આવશે. વૃક્ષોનું જિયોનું ટેગિંગ કરવામાં આવશે. આજી ડેમ પાસે ૧૫૦ એમએલડીનો નવો સંપ બનાવવામાં આવશે. શહેરમાં ૨૨ જગ્યા પર માય ઈ-બાઈક કેન્દ્ર ઉભા કરાશે. નાકરાવાડી ખાતે ૪ વોલ્ટનો સોલાર પાવર પ્લાન્ટ બનાવવામાં આવશે. નવા વિસ્તારમાં ૨ નવા ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. એક પીપીપી ધોરણે ફાયર સ્ટેશન બનશે.

## વડોદરાનું વર્ષ ૨૦૨૦-૨૧ના રીવાઈઝ્ડ બજેટ રજૂ કરાયું, જાણો પ્રજાને શું મળ્યું, કેવા કરબોજા નંખાયા?

વડોદરા, કોર્પોરેશન વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ રૂપિયા ૩૭૬૯ કરોડનું હતું એટલે કે આ વખતે તેના કરતાં બજેટમાં વધુ રૂપિયા ૧૧૨ કરોડ ફાળવ્યા છે. ગુજરાતમાં વડોદરા સહિત છ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હોવાના કારણે બજેટ તેના નિયત સમય કરતા આશરે દોઢ મહિના લેટ રજૂ થયું છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કોરોના મહામારીના કારણે વિકાસના કામો પર બ્રેક વાગી ગઈ હતી. કોરોનાની અસરને લીધે ચાલુ નાણાકીય વર્ષમાં આવકનો રૂપિયા ૪૯૧ કરોડનો જે ટાર્ગેટ મૂકવામાં આવ્યો હતો. તે હજી સુધી પૂરો થઈ શક્યો નથી.

અત્યાર સુધીમાં રૂપિયા ૪૪૪ કરોડની જ આવક થઈ શકી છે. અને હવે ટાર્ગેટ પૂરો કરવા માટે બાકી વેરો વસૂલ કરવા મિલકતોને સીલ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરે આજે વર્ષ ૨૦૨૦-૨૧નું રૂપિયા કરોડનું રીવાઈઝ બજેટ પણ રજૂ કર્યું હતું. કમિશનરે તેમની બજેટ સ્પીચમાં જણાવ્યું હતું કે, વિકાસના કામોનાં ટાર્ગેટ પૂરા કરવા માટે પીપીપી ધોરણે કામો કરવામાં આવશે અને વધારાની નાણાંકિય જરૂરિયાત આંતરિક ભંડોળ કે બહારની સંસ્થાઓ અને બેંકો પાસેથી લોન મેળવીને કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેરના લોકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા ઉપર ભાર મુકવામાં આવશે. કોર્પોરેશનમાં સમાવેશ કરવામાં આવેલા બીલ, ભાયલી, સેવાસી, ઉંડેરા, વડદલા સહિતના ગામોમાં પાણી સહિતની સુવિધા પૂરી પાડવામાં આવશે. પાણી માટે નવા સ્ત્રોત ઉભા કરવામાં આવ્યા છે.

## દૈનિક રાશીફળ

તા.૧૬.૦૩.૨૦૨૧ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

મિથુન(ક.છ.ઘ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

કર્ક(ડ.હ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

સિંહ(મ.ટ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

કન્યા(પ.ઠ.ણ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

તુલા(ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

વૃશ્ચિક(ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

મકર(ખ.જ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

કુંભ(ગ.શ.સ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

મીન(દ.ચ.ઝ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

# દાહોદ જીલ્લાની તમામ બેંક બંધ રહેતા ગ્રાહકોને ભારે હાલાકી વેઠવી પડી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સરકારી બેન્કોના ખાનગીકરણના વિરોધમાં સમગ્ર દેશના બેન્ક કર્મચારીઓએ બે દિવસીય હડતાળનું શસ્ત્ર ઉગામતાં દાહોદ જિલ્લામાં પણ તમામ બેન્કો બંધ રહેતાં બેન્કોના ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આજે ૧૫મી અને આવતીકાલે ૧૬મી એમ બે દિવસ બેન્કો બંધ રહેવાના સમાચારો મળતાં જિલ્લાવાસીમાં બેંન્ક ખાતેદારો અને ખાસ કરીને વેપારી વર્ગ અને રોજીંદા બેન્કોના કામકાજમાં સંકળાયેલા લોકોને ભારે હેરાન પરેશાન થવું પડ્યું હતું.

સરકારી બેન્કોના ખાનગીકરણના વિરોધમાં બેન્ક કર્મચારીઓના ૯ યુનિયનની એકછત્રી સંસ્થા યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ દ્વારા ૧૫મી અને ૧૬મી માર્ચના રોજ દેશવ્યાપી હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું છે જેને પગલે આજે સોમવારે અને આવતીકાલે મંગળવારે દેશભરની સરકારી બેન્કોમાં કામકાજ ખોરવાઈ ગયો છે. દેશભરના ૧૦ લાખ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ આ હડતાળમાં જોડાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. વાત કરીએ દાહોદ જિલ્લાની તો દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ આ બે દિવસીય બેન્ક હડતાળના કારણે વેપારી વર્ગ, દુકાનદાર, વ્યવસાય, રોજગાર ધંધો કરતાં અને રોજીંદા નાણાંકીય વ્યવહારો કરતાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બેન્કોના ક્લીયરીંગ પણ અટવાયાં હતાં. ખાસ કરીને દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે તેમાંય આસપાસની ગ્રામીણ પ્રજાને આ બાબતની જાણ ન હોવાને કારણે બેન્કના ધક્કા ખાવાનો વારો પણ આવ્યો હતો. વધુમાં જાણવા મળ્યા અનુસાર, ૧૭મી માર્ચથી જનરલ ઈન્શ્યુરન્સ અને ૧૮મી માર્ચે જીવન વીમા કર્મચારીઓ પણ હડતાળ ઉપર ઉતરવાનો છે. આમ, દાહોદ જિલ્લામાં પણ બેન્ક હડતાળના ભાગરૂપે લોકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો હતો અને લોકોનો નાણાંકીય વ્યવહાર પણ ખોરવાયો હતો.

## દાહોદના રાબડાળ ગામેથી ૨૭ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાળ ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા. ૨૭,૮૭૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે જ્યારે પોલીસને જોઈ ઘરધણી નાસી જવામાં સફળ રહ્યો હતો.

ગત તા.૧૪મી માર્ચના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે રાબડાળ ગામે સરપંચ ફળિયામાં રહેતાં સુરેશભાઈ મંગળાભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં સુરેશભાઈ પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યો હતો ત્યાર બાદ પોલીસે તેના મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ અને બીયરની બોટલો નંગ.૨૧૩ કિંમત રૂા.૨૭,૮૭૦નો પ્રોહી જથ્થો કબજે લઈ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ ભગીની સમાજ સામેથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ શહેરના ભગીની સમાજની સામેથી ધોળે દિવસે એક લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆના પીપલોદ, ઝાલોદ તાલુકામાં અને ત્યાર બાદ હવે દાહોદ શહેરમાં જાણે મોટરસાઈકલ ચોર ટોળકી સક્રિય થઈ રહી છે તેમ લાગી રહ્યું છે. દાહોદ શહેરના અંબીકા નગર, મોચી ચાલમાં રહેતા ઈશ્વરભાઈ બચુભાઈ પરમાર ગત તા.૨૪મી ફેબ્રુઆરીના રોજ શહેરના ભગીની સમાજની સામે પોતાની મોટરસાઈકલ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ બાદ ઈશ્વરભાઈ ચુંટણીલક્ષી ફરજમાં તથા સરકારી કામકાજમાં રોકાયેલા હોયના કારણે આ મામલે ફરિયાદ નોંધાઈ શક્યા ન હતા. પરંતુ તે સમયગાળા દરમ્યાન પણ મોટરસાઈકલની શોધખોળમાં આદરી હતી, પરંતુ આખરે મોટરસાઈકલ ન મળતાં ગતરોજ ૧૪મી માર્ચના રોજ આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## રાજ્ય સરકાર દ્વારા ઘઉંની ટેકાના ભાવે ખરીદી કરાશે

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૧૬-૩-૨૧થી ૩૧-૫-૨૧ સુધી રવી સિઝન ૨૦૨૧-૨૨ માટે ઘઉંની ટેકાના ભાવે રૂ. ૧૯૭૫ પ્રતિ ક્વિન્ટલે નિયત ધારા ધોરણ મુજબ ખરીદી કરવામાં આવનાર છે. આ માટે ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ વીઈસી અને એમપીએમસી ખાતે તા. ૩૧-૩-૨૧ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી દેવાનું રહે છે. રજીસ્ટ્રેશન માટે ચાલુ વર્ષના ૭/૧૨, ૮-અના ઉતારા અને પાસબૂક અથવા કેન્સલ્ડ ચેકની નકલ સાથે રાખવી. આ માટે નાગરિક પુરવઠા નિગમના તાલુકાના ગોડાઉન મેનેજરનો સંપર્ક કરી શકાય છે. નંબર આ પ્રમાણે છે. દાહોદ ૬૩૫૯૯૪૫૮૯૦, ગરબાડા ૬૩૫૯૯૪૬૧૦૬, ધાનપુર ૬૩૫૯૯૪૬૧૦૨, દેવગઢ બારિયા ૬૩૫૯૯૪૬૧૦૧, લીમખેડા ૬૩૫૯૯૪૬૦૫૩, ઝાલોદ ૯૯૭૯૯૮૯૨૫૪ અને ફતેપુરા ૬૩૫૯૯૪૬૧૦૩.

## દે.બારીઆ મામલતદાર ઓફિસમાં રામ રાજય : પદના અધિકારીઓ સુખી અને પ્રજા દુઃખી


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ ઓફિસ બોડી બામણીનું ખેતર સમાન છે. તેવું લાગી રહ્યું છે. સોમવારનો દિવસ ખુલતા દિવસે તાલુકાની આમ જનતા ઓફિસને લગતા અનેક કાર્યો કરવા માટે સોમવારના દિવસે આવતા હોય છે. કારણ કે, શનિ–રવિ રજાના દિવસો રજા ગાળી સરકારી અધિકારીઓ પદના અધિકારીઓ સોમવારે તો ગમે ત્યાંથી પોતાની ફરજ ઉપર હાજર થઈ જતા હોય છે. પરંતુ તા.૧૫/૦૩/૨૧ સોમવારે દે.બારીઆ મામલતદાર ઓફિસમાં ૧૧.૩૦ કલાક સુધી જવાબદાર અધિકારી હાજર જણાતા ન હતા. જેમાં મુખ્ય મામલતદાર તથા પૂર્વ ના.મામલતદાર તથા સર્કલ તેમજ મધ્યાહન ભોજન ના. મામલતદાર પણ હાજર જણાતા ન હતા. આ અંગે અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધિએ એક મહિલા કર્મી જેઓ પોતાના ટેબલ ઉપર હાજર હતા. તેઓને રેતી ભરેલ ડમ્પર જે છેલ્લા સપ્તાહ થી કંપાઉન્ડમાં છે. તે અંગે માહિતી માંગતા તેમણે જણાવતા કહ્યું. આના વિશે મને આઈડીયા નથી. એટલે મને ખબર નથી. જેથી ઉચ્ચપદના લાગતા વળગતા પદના અધિકારીઓ દે.બારીઆ મામલતદાર ઓફિસમાં ચાલુ દિવસોમાં સમય મુજબ તમામ કર્મીઓ પોતાની ફરજ ઉપર હાજર રહે તે અંગે કડક સુચના આપે તેમજ સોમ અને ગુરૂવારે મુખ્યપદના અધિકારીઓ આમ જનતાને મુલાકાતનો સમય આપે તેવા આદેશ જારી કરે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે. આ અખબારી અહેવાલ ઉપર જીલ્લાના અધિકારીઓ એક્સન લેશે ખરા ? તે તો આવનારો સમય બતાવશે.

## અમરનાથ યાત્રા પર આ વખતે સ્ટિકી બોમ્બનો ખતરો

ન્યુ દિલ્હી,

આ વખતે અમરનાથ યાત્રામાં વધારે ભાવિકો ભાગ લે તેવી શક્યતાઓ છે ત્યારે કેન્દ્રીય સુરક્ષા દળ સીઆરપીએફ દ્વારા અમરનાથ યાત્રાને લઈને ચેતવણી આપવામાં આવી છે.

સીઆરપીએફનુ માનવુ છે કે, આ વખતે અમરનાથ યાત્રામાં સ્ટિકી બોમ્બ બહુ મોટો ખતરો બની શકે છે અને તેને પહોંચી વળવા માટે તૈયારીઓ શરુ કરી દેવાઈ છે.સીઆરપીએફ દ્વારા આ વખતે યાત્રાની સુરક્ષા માટેની ક્વિક રિસ્પોન્સ ટીમોની સંખ્યા વધારવાનો નિર્ણય લેવાયો છે.

સીઆરપીએફના આઈજી પીએસ રંપિસેએ કહ્યુ હતુ કે, સ્ટિકી બોમ્બને પહોંચી વળવાનો પડકાર મોટો છે.કારણકે આ બોમ્બ જવાનોની સાથે સાથે લોકોને પણ મોટુ નુકસાન પહોંચાડી શકે તેમ છે. સીઆરપીએફ દ્વારા પોતાના તમામ યુનિટોને એલર્ટ કરી દેવાયા છે.કારણકે આ પ્રકારના બોમ્બને ટાઈમર સેટ કરીને કોઈ પણ વાહનના કોઈ પણ હિસ્સામાં ચોંડાટી શકાય છે.અમરનાથ યાત્રિકોના કાફલાને પણ આતંકીઓ આ પ્રકારના બોમ્બ વડે નિશાન બનાવી શકે છે. તેમણે કહ્યુ હતુ કે, યાત્રીકોના વાહનોને પહેલેથી નક્કી થયેલી જગ્યાઓ સીવાય બીજી કોઈ જગ્યાએ નહીં રોકાવા દેવાય.

## ક્ષિતિજે સૂરજ


જીજ્ઞા કપુરીયા (નિયતી)

દૂર ક્ષિતિજે સૂરજ ''હળવે
હળવે'' ઢળતો જાય
કેસરવર્ણા કિરણોંથી શુભ સંધ્યા
કહેતો જાય,
ધરતી ગગનનું મિલન જોઈ ''મંદ
મંદ''મલકાતો જાય!
દૂર ક્ષિતિજે.....

ગોધૂલીવેળાની ધૂળને
રંગીનછાયા બક્ષતો જાય,
ગંગાજળમાં ધૂમિલ બનીને
પ્રવિત્રતા રચતો જાય,
સમદરના ઘૂંઘવાતા જળને ''ધીમે ધીમે'' સ્પર્શતો જાય !
દૂર ક્ષિતિજે.....

ખેતરોનાં મોલ પર નૃત્ય ઝંકાર કરતો જાય,
ધરાનાં પાણીને વાદળને સમર્પિત કરતો જાય,
મિત્રતાનો હાથ ફેલાવતો ''આવજો આવજો'' કહેતો જાય!
દૂર ક્ષિતિજે.....

પરિવર્તનનો નિયમ જોને કેવો સ્વીકારાય જાય!
''નિયતી'' ને તાબે થયાં વગર કયાં રહી શકાય !
પ્રેમરૂપી સંદેશ ''કિનારે કિનારે'' ફેલાવતો જાય...

દૂર ક્ષિતિજે.....

# દાહોદ યાદગાર ચોક પાસે મોબાઈલ ટાવર નમી જતાં પડી જવાના ભયથી રાહદારીઓમાં ચિંતા

દાહોદ,

સતત ચોવીસે કલાક ધમધમતા એવા દાહોદ શહેરના યાદગાર ચોક ખાતે વચ્ચો વચ્ચે એક મોબાઈલ ટાવર બીલકુલ નમી જતાં અને ક્યારેય પડી જવાની ભીતી વચ્ચે આ જાહેર માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો તેમજ રાહદારીમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ટાવર કોઈપણ સમયે જો ભોય તળીયે સરકી જાય તો મોટી જાનહાની થવાની આશંકાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે.

શહેરના યાદગાર ચોક ખાતે મુસાફરો, રાહદારીઓનો સતત આવન જાવનથી ચોવીસે કલાક ધમધમતા આ રસ્તા પર કોઈક દિવસ મોટી દુર્ઘટના સર્જાઈ તેવી ભીતી સર્જાઈ રહી છે. આ યાદગાર ચોકની વચ્ચે મોબાઈલ ટાવર, સીસીટીવી કેમેરા ટાવર સાથે સાથે લાઈટના થાંભલા પણ છે. ત્યારે આની સાથે મોબાઈલ ટાવર બીલકુલ નમી ગયેલી હાલતમાં જોવા મળી રહ્યો છે. માત્ર આ મોબાઈલ ટાવર નીચેના એક સીસીટીવ ટાવરના થાંભલાના ટેકે ઉભો છે અને આ સીસીટીવી કેમેરાનો થાંભલો પણ આના વજનથી જો નમી જશે તો આ ક્યારેક જોતજોતામાં આ ભારેખમ મોબાઈલનો ટાવર પડી જવાના એંધાણો જોવાઈ રહ્યાં છે. મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા આ મોબાઈલ ટાવરને વ્યનસ્થીત ઉભો કરવામાં આવે તે અતિ આવશ્યક બની રહ્યું છે. શું અહીંથી પસાર થતાં નગરના સત્તાધિશોને આ નજારો જોવાતો નહીં હોય? કે પછી જોવાયા છતાં પણ આંખ આડા કાન કરી દેતાં હશે? જો આ નમી ગયેલ ટાવર ભવિષ્યમાં પડશે તો મોટી જાનહાની સર્જાય તેમ છે કારણ કે, અહીંથી સતત ચોવીસ કલાક લોકો પસાર થતાં હોય છે. માટે વહેલામાં વહેલી તકે આ ટાવરને સુવ્યવસ્થિત અથવા તો નવો નાંખવામાં આવે તેવી અહીંના સ્થાનીકોમાં પણ માંગ ઉઠી છે. બીજી તરફ દાહોદ શહેરમાં આજ યાદગાર ચોકની નીચે આવેલ તાલુકા પંચાયત તરફ જવાના માર્ગ ઉપર પાઈપ લાઈનના ખોદકામનું કામકાજ પણ ચાલી રહ્યું છે જેને પગલે આ રસ્તો પણ બંધ કરી દેવામાં આવ્યો છે. આ રસ્તો કામકાજના કારણે બંધ કરી દેવાતાં લોકો અવર જવરમાં તેમજ લાંબા રૂટથી પસાર થવાનો વારો આવી રહ્યો છે. આ માર્ગ ઉપર ઘણી વખત ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાઈ રહ્યાં છે ત્યારે આ કામકાજ વહેલામાં વહેતુ પુર્ણ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે.

## દાહોદ જિલ્લામાં ૮૨૧૯૬ વૃદ્ધોને કોરોના મહામારી સામે રસીકરણનું કવચ



દાહોદ,

દાહોદ જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસ સામે રસીનું કવચ પૂરૂ પાડવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ચાલી રહેલા અભિયાન અંતર્ગત ૮૨૧૯૬ વયોવૃદ્ધ નાગરિકોનું અત્યાર સુધીમાં રસીકરણ કરવામાં આવ્યું છે. જિલ્લાના શહેરી અને ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપર રસીકરણની કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે.

જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે માહિતી આપતા જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં કોમોરબિડીટી ધરાવતા ૪૫થી ૫૯ વર્ષ વય જૂથના ૧૦૫૫૦ નાગરિકોને કોરોના વેક્સીન મૂકવામાં આવી છે. કોમોરબિડીટીના કિસ્સામાં સૌથી વધુ દાહોદ જિલ્લામાં રસીકરણ થયું છે. દાહોદમાં ૪૦૮૯ લક્ષ્યાંક સામે ૧૦૫૫૦ લોકોને રસી મૂકવામાં આવી છે. આ કામગીરી ૨૫૮ ટકા જેટલી થવા જાય છે.

૬૦ વર્ષથી વધુની ઉંમર ધરાવતા લોકોને કરાયેલી રસીકરણની કામગીરી જોઈએ તો ગરબાડા તાલુકામાં ૮૪૧૪, ઝાલોદમાં ૧૧૬૮૨, દાહોદ તાલુકામાં ૧૬૭૨૮, દેવગઢ બારિયા તાલુકામાં ૧૦૪૨૭, ધાનપુર તાલુકામાં ૬૯૦૫, ફતેપુરા તાલુકામાં ૯૫૮૩, લીમખેડામાં ૭૪૦૬, સિંગવડ તાલુકામાં ૬૭૨૭ અને સંજેલી તાલુકામાં ૪૩૨૪ વૃદ્ધોને કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકવામાં આવી છે.

વિશેષ વાત તો એ છે કે, રસીકરણની કામગીરી કોઈ વિઘ્ન વિના થઈ રહી છે. એટલે કે, અત્યાર સુધીમાં રસી મૂકાવ્યા બાદ કોઈ વ્યક્તિને આડ અસર થઈ નથી. એટલે, એવું ચોક્કસ કહી શકાય કે ભારતીય બનાવટની રસી સંપૂર્ણ સુરક્ષિત છે. નાગરિકો કોઈ પણ ડર રાખ્યા વિના રસી મૂકાવે એ જરૂરી છે.

## દેવગઢબારિયા નગરના વેપારી સહીત પરીવારને કોરોના પોઝિટિવ : નગરજનોમાં ફફડાટ

દે.બારીઆ,

દેવગઢબારિયા નગરમાં એક વેપારી પિતા પુત્ર સહિત પરિવારના અન્ય સદસ્યોને કરોના પોઝિટિવ આવતા નગરમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

દેવગઢબારિયા નગર તેમજ તાલુકામાં એક પછી એક એમ રોજ-બરોજ કોરોના પોઝિટિવ કેસ વધતાં હોવાથી ફફડાટ ફેલાયો છે. ત્યારે નગર ના એક વેપારી પિતા-પુત્ર સહિત પરિવારના અન્ય સદસ્યોને કોરોના પોઝિટિવ આવતા નગરમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે વેપારી પિતાને છેલ્લા એક સપ્તાહથી તબિયત નાદુરસ્ત રહેતા તેઓએ કોરોના ની તપાસ કરાવતા તેમને કોરોના પોઝિટિવ આવતા પરિવારના અન્ય સદસ્યોને પણ આરોગ્ય તંત્ર દ્વારા તપાસ હાથ ધરતા પુત્ર તેમજ તેની પત્ની સહિતના ને કોરોના નો રિપોર્ટ પોઝિટિવ આવતા વેપારી પિતાની તબિયત સારી ના હોવાના કારણે તેમને વધું સારવાર અર્થે દાહોદ ખસેડવામાં આવ્યા છે. જયારે પુત્ર અને તેની પત્ની તેમજ બાળકોને I'M કરન્ટ ટાઈમ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે નગરમાં વધતા જતા કોરોના ના કેસ ને લઈ પાલિકા તંત્ર દ્વારા રવિવારના દિવસે ગુમાસ્તા ધારો લાગુ કરી નગરમાં સેનેટાઈઝ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા નગરમાં સેનેટાઈઝ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે કે કેમ તે જોવાનું રહ્યું.

## મહત્વાકાંક્ષી જિલ્લા દાહોદના લોગોનું વિમોચન કરતા કલેક્ટર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ કલેક્ટર વિજય ખરાડીએ આજે મહત્વાકાંક્ષી જિલ્લાના લોગોનું વિમોચન કર્યું હતું. ગુજરાતના બે જિલ્લાઓ દાહોદ અને નર્મદાનો મહત્વાકાંક્ષી જિલ્લામાં સમાવેશ થયો છે અને અહીં કરવામાં આવતા વિકાસ કામોનું મોનિટરિંગ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષપણાવાળા નિતિ આયોગ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

મહત્વાકાંક્ષી જિલ્લા દાહોદના આ લોગોનો શાબ્દિક ખ્યાલ મેળવીએ તો તેને એક વૃક્ષનો આકાર આપવામાં આવ્યો છે. મહત્વાકાંક્ષાના વૃક્ષની થીમ ઉપર આ લોગોને ડિઝાઈન કરવામાં આવ્યો છે. વિકાસના પથમાં આ વિભાગો અને વિષયોનું કાર્ય છે. તેના થડમાં પાંચ રંગ રાખવામાં આવ્યા છે. જે નીતિ આયોગના વિકાસ આયામો એટલે કે સેક્ટર દર્શાવે છે. આ પાંચ રંગમાં લાલ, લીલો, કેસરી, વાદળી અને આસમાની રંગનો સમાવશે થાય છે. જેનો મતલબ નીતિ આયોગના ઈન્ડીકેટર આરોગ્ય-પોષણ, કૃષિ-પશુપાલન, રોજગારી, સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા અને શિક્ષણ થાય છે.

આ વૃક્ષની શાખાઓ ન્યુરોનરૂપ છે. સરળતાથી સમજીએ તો તે વિચારઉદ્દીપક અને ચેતાતંત્રને જીવંત રાખવાનું કાર્ય છે. ઉક્ત ઈન્ડીકેટર સેક્ટરના પેટા વિષયોને દર્શાવે છે. જેનાથી નાગરિકોના સર્વાંગી વિકાસના પ્રેરક છે. ૪૯ જેટલા ન્યુરોન-શાખાઓને અંતે શીર્ષચિહ્ન નાગરિકોને દર્શાવે છે. નાગરિકોના સર્વોત્તમ કલ્યાણ માટે આ મુખ્ય બાબતો પરત્વે પ્રશાસન દ્વારા કાર્ય કરવામાં આવી રહ્યું છે, એવો ગર્ભિત ભાવ આ લોગોમાં છે. આ વેળાએ જિલ્લા આયોજન અધિકારી કિરણ ગેલાત અને સંશોધન અધિકારી સંદીપ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારી નોકરીઓ માટે GPSCની વર્ગ- ૧, ૨, ૩ માટે ભરતીની મોટી જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)એ રાજ્યમાં થનારી સરકારી નોકરીની ભરતીનું કેલેન્ડર બહાર પાડ્યું છે. રાજ્યમાં શિક્ષિત બેરોજગારો અને યુવાનો-યુવતીઓ માટે સરકારી નોકરી માટે વર્ગ ૧, ૨ અને ૩ની ૧૪૨૭ જગ્યા માટે ભરતી કરવાની જાહેરાત કરી છે. જેમાં રાજ્ય સરકારની સેવાઓ, ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ. અને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ માટે ૧૬ માર્ચથી ૩૧ માર્ચ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. GPSC દ્વારા સરકારના વિવિધ વિભાગો હેઠળની વર્ગ-૧, ૨ અને વર્ગ -૩ની કુલ ૧૪૨૭ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે. જેમાં ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા તબીબી અધિકારી, વર્ગ-૨ની ૧૦૦૦ જગ્યાઓ, વિવિધ વિષયના ટ્યુટર, ગુજરાત તબીબી સેવાનો સમાવેશ થાય છે. GPSCની વર્ગ- ૨ની ભરતીમાં ૭૫ જગ્યાઓમાં નાયબ સેક્શન અધિકારી, (કાયદાકીય બાજુ) અને વર્ગ-૩ની ૧૯ જગ્યાઓમાં રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની ૨૪૩ જગ્યાઓ, ચીફ કેમીસ્ટ, વર્ગ-૧ની એક જગ્યા, ખેતી ઈજનેર, વર્ગ- ૨ની ૦૪ જગ્યાઓ, સરકારી હોમિયોપેથી કોલેજો ખાતે વિવિધ વિષયના લેક્ચરરની કુલ-૦૩ જગ્યાઓ, સરકારી મેડીકલ કોલેજો ખાતે વિવિધ વિષયોના પ્રાધ્યાપકોની કુલ-૧૦ જગ્યાઓ, સહપ્રાધ્યાપકોની કુલ-૦૭ જગ્યાઓ, મદદનીશ પ્રાધ્યાપકોની કુલ-૬૫ જગ્યાઓ, એમ કુલ-૧૪૨૭ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉપરોક્ત જાહેરાતો અન્વયે તા.૧૬/૦૩/૨૦૨૧ (૧૩.૦૦ કલાક) થી તા.૩૧/૦૩/૨૦૨૧ (૧૩.૦૦ કલાક) સુધીમાં અરજી કરી શકાશે. ગુજરાત જાહેર સેવા આયોગે જાહેરાતની સાથે ઉમેદવારોને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. GPSC દ્વારા યોજાનારા ભરતી પ્રક્રિયાની ઓનલાઈન અરજી હોવાથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી તેમ જણાવ્યું છે. તેમાં કોઈ ભૂલચૂક રહી જાય તો તેને આપેલી તારીખોની વચ્ચે એડિટ વિકલ્પ પસંદ કરીને ફરી સુધારી શકાય છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 172

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## સત્તાવાર ચુંટણી કાર્યક્રમ જાહેર થતાં પુનઃ રાજકીય ગરમાવો

# પંચમહાલ જીલ્લા પંચાયત તથા ૭ તાલુકા પંચાયતોમાં પ્રમુખ-ઉપપ્રમુખની ૧૮ માર્ચે વરણી પ્રક્રિયા



- ભાજપ બહુમતીમાં હોવાના કારણે માત્ર મેન્ડેટ આધારીત પસંદગી કરવામાં આવશે.
- બુધવારની સાંજ સુધી પદાધિકારીના નામ ધરાવતું બંધ કવર જીલ્લા ભાજપને સુપ્રત કરાશે.
- દાવેદારો તથા ધારાસભ્યોના લોબિંગ બાદ તૈયાર કરવામાં આવેલી પેનલમાંથી એક ચહેરાનની પસંદગી.
- કોનું નસીબ જાગશે તે બંધ કવરમાં સસ્પેન્સ ભર્યું બન્યું.

ગોધરા,

હવે આગામી તા.૧૮ માર્ચના રોજ પંચમહાલમાં જીલ્લા પંચાયત અને ૭ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયાની સત્તાવાર ચુંટણી કાર્યક્રમ જાહેર થતાં પુનઃ રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. દરેક સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ભાજપ બહુમતીમાં હોવાના કારણે માત્ર મેન્ડેટ આધારીત પસંદગી કરવામા આવનાર હોવાથી કાર્યવાહી માત્ર એક ઔપચારિક બની રહેનાર છે. ગાંધીનગર મોવડી મંડળ દ્વારા ૪ થી વધુ દાવેદારો તથા ધારાસભ્યોના લોબિંગ બાદ તૈયાર કરવામાં આવેલી પેનલમાંથી એક ચહેરાને પસંદ કરી દેવામાં આવીને બુધવારની સાંજ સુધી બંધ કવર જીલ્લા ભાજપને સુપ્રત કરવામાં આવનાર છે. જોકે, કોનું નસીબ જાગશે તે બંધ કવરમાં સસ્પેન્સ ભર્યું બન્યું છે.

ગત દિવસોમાં પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી સંપન્ન થયા બાદ પ્રમુખપદ માટેના નામોની અનેક ચર્ચાઓ લોકોમાં ચાલી રહી હતી. લોકો દ્વારા હારેલા તથા વિજેતા ઉમેદવારોના મત ગણતરી બાબતે અનેક મુદ્દાઓના લેખાજોગા કરી રહ્યા હતા. પરંતુ ગોધરા અને શહેરા નગર પાલિકામાં વરણી પ્રક્રિયાની ચુંટણી કાર્યક્રમ જાહેર થયો હતો. પરંતુ જીલ્લા પંચાયત અને ૭ તાલુકા પંચાયતોમાં કાર્યક્રમ જાહેર ન થતાં લોકોમાં અવઢવ પ્રવર્તી હતી. છેવટે ગોધરા, હાલોલ, કાલોલ, મોરવા(હ), શહેરા,જાંબુઘોડા અને ઘોઘંબા તાલુકા અને જીલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખપદ માટે આગામી તા.૧૮ માર્ચના રોજ જે તે તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં મળનાર છે અને ચુંટણી પંચના રોટેશન આધારે અનામત કે બિનઅનામત બેઠકોના પ્રકાર ફાળવવામાં આવીને સ્થાનિક ચુંટણી અધિકારી દ્વારા વેતરાણી પાર પાડવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. તો બીજી તરફ બહુમતી ધરાવતી ભાજપા પક્ષે પણ બે-ત્રણ દિવસની લાંબી મેરથોન ચર્ચાઓ અને બેઠકો યોજીને પેનલ બનાવવાની મથામણ કરવામાં આવી હતી. જોકે, ગોધરા પાલિકામાં ભાજપને મિશ્ર જનાદેશ હોવાના કારણે પસંદગી અગ્નિપરીક્ષારૂપ છે. પરંતુ તાલુકા અને જીલ્લા પંચાયતમાં માત્ર મેન્ડેટ આધારે પસંદગી થવાની હોય પક્ષ માટે કોઈ માથાનો દુઃખાવો નથી. જાણવા મળ્યા અનુસાર સ્પષ્ટ બહુમતી હોવાના કારણે પંચાયતોમાં પ્રમુખપદ અને ઉપપ્રમુખપદ કોને ધુરા સોંપવી તે બાબતે અગાઉ જીલ્લા ભાજપા તરફ થી ગુપ્ત બેઠક હાથ ધરીને જુદા જુદા જુથો તથા દાવેદારો સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં ૪ થી ૫ જેટલા દાવેદારો એ પદની માંગણી મૂકી હતી. એટલું જ નહીં સત્તા મેળવવા માટે પોતાના રાજકીય ગોડફાધરનું શરણ લઈને ખાસ લોબીંગ કરવામાં આવ્યું હતું. સાથે સાથે ધારાસભ્યો દ્વારા પણ પોતાના માણીતા ચહેરાઓને પદ મળે તે માટે છેક ગાંધીનગર કમલમ ખાતે પોતાની વગનો ઉપયોગ કરીને ભલામણ કરવામાં આવી હતી. આ જોતાં એક બેઠક માટે અનેક દાવેદારોને લઈને મોવડી મંડળ પણ મુંઝવણમાં મુકાઈને સર્વસંમતિ સધાઈ ન હતી. છેવટે જીલ્લા પ્રભારી દ્વારા વિવિધ તાલુકાઓ માટે તૈયાર કરવામાં આવેલ સંભવીત દાવેદારોની પેનલ અંગે અને દાવેદારોની કાબિલીયતની પરામર્શ કરીને છેવટે આખરી નામ પસંદ કરવામાં આવ્યું હતું. ચર્ચાને અંતે સર્વસંમતિથી મ્હોર મારવામાં આવતાં બુધવારની સાંજ સુધી પ્રભારીઓને તેઓના નામ બંધ કવરમાં સુપ્રત કરી દેવામાં આવનાર છે. અને આ બંધ કવર આગામી ૧૮ ના રોજ યોજાનાર વરણી પ્રક્રિયા પૂર્વે ચુંટણી અધિકારીને સુપ્રત કરી દેવામાં આવશે. અને નામાંકન દાખલ કરીને મેન્ડેટ આધારે પદની લ્હાણી કરવામાં આવનાર છે. ત્યારે બંધ કવરમાં છુપાયેલું રહસ્ય છતું થનાર છે. પરંતુ હાલમાં અનેક નામો પ્રજાની ચકડોળે ચડયા છે. જોકે, બહુમતી હોવાના કારણે કોઈપણ જાતના વાદવિવાદ વિના સરળતાથી વરણી પ્રક્રિયા સંપન્ન થનાર છે. હવે જોવું રહયું કે, ગુરૂવારે કોનું નસીબ જાગે છે.

| અનું. | તાલુકાનું નામ | અધ્યાસી અધિકારીનો હોદ્દો | ચુંટણીનો સમય | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | ઘોઘંબા | જીલ્લા આયોજન અધિકારી,પંચમહાલ, ગોધરા | ૧૧.૦૦ કલાક | અનુ.આદિજાતિ મહિલા માટે અનામત |
| ૨. | હાલોલ | પ્રાંત અધિકારી, પ્રાંત કચેરી, હાલોલ | ૧૧.૦૦ કલાક | બિન અનામત સામાન્ય |
| ૩. | મોરવા(હ) | નાયબ જીલ્લા વિકાસ અધિકારી પંચમહાલ-ગોધરા(મહેસુલ) | ૧૧.૦૦ કલાક | સામાન્ય મહિલા માટે અનામત |
| ૪. | જાંબુઘોડા | જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પંચમહાલ-ગોધરા | ૧૫.૦૦ કલાક | સામાન્ય મહિલા માટે અનામત |
| ૫. | ગોધરા | જીલ્લા પુરવઠા અધિકારી, પંચમહાલ-ગોધરા | ૧૧.૦૦ કલાક | સા.શૈ.પ.વ. મહિલા માટે અનામત |
| ૬. | કાલોલ | પ્રાંત અધિકારી, પ્રાંત કચેરી, ગોધરા | ૧૧.૦૦ કલાક | બિનઅનામત સામાન્ય |
| ૭. | શહેરા | પ્રાંત અધિકારી, પ્રાંત કચેરી, શહેરા | ૧૧.૦૦ કલાક | અનુસૂચિત આદિજાતિ માટે અનામત |

# પંચમહાલ જીલ્લાની તમામ બેંક બંધ રહેતા કરોડોની લેવડદેવડ ઉપર બ્રેકઃ ગ્રાહકો પરેશાન





ગોધરા,

બેંકોના ખાનગી કરણ ના વિરોધ માં તા.૧૫ અને ૧૬ એમ બે દિવસની સમગ્ર દેશમાં તમામ બેંકો ના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે.ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ બેન્ક કર્મીઓ દ્વારા પોતાનો સુર પુરાવતા હોય તેમ બે દિવસ બેંકો બંધ રહેવા પામી છે.જેના પરિણામે કરોડો રૂપિયા ની લેવડ દેવડ પર બ્રેક લાગતા સામાન્ય વ્યકતિ ની હાલત કફોડી થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લાના નેશનલાઈઝ બેંકોના બેન્ક કર્મીઓ પણ બેંકોના ખાનગીકરણના વિરોધમાં હડતાળ પર ઉતરતા તા.૧૫ અને ૧૬ બેંકો બંધ રહેશે. જેને લઈ પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે બેન્ક કર્મીઓએ આજે બેન્ક બહાર બેનરો સાથે વિરોધ પ્રદર્શન જારી રાખ્યું હતું અને બેન્ક ની કામગીરી થી અળગા રહ્યા હતા. ત્યારે આ તમામ પરિસ્થિતિની વચ્ચે સામાન્ય વ્યકતિ ની હાલત કફોડી થવા પામી છે.જેના પરિણામે કરોડો રૂપિયાનું ટ્રાંજેક્સન અટવાઈ જવા પામી હતી. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામન દ્વારા ૧ ફેબ્રુઆરી ના રોજ કેન્દ્રીય બજેટ જાહેર કરતા સરકારના વિનિવેશકરણ પ્લાન અંતર્ગત જાહેર ક્ષેત્ર ની બે બેંકોનું ખાનગી કરણ ની જાહેરાત કરી હતી.જેને લઈ સમગ્ર દેશના બેન્ક કર્મીઓમાં આ મામલે નારાજગી જોવા મળી હતી.જેના પરિણામે બે દિવસ માટે બેન્ક કર્મીઓ દ્વારા બેંકોના ખાનગી કરણ ના વિરોધ માં પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને બેન્ક ની કામગીરી થી અળગા રહ્યા હતા.

# હાલોલની મોટી ઉભરવાણમાં માતા એ ૮ મહિનાના માસૂમની હત્યા કર્યા બાદ પોતે પણ કરી આત્મહત્યા



## પિયરપક્ષ દ્વારા હત્યા કર્યાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી

હાલોલ,

હાલોલ તાલુકાન મોટી ઉભરવાણ ગામે રહેતા યુવાનના લગ્ન ત્રણ વર્ષ પહેલા વાંકડિયા ગામની યુવતિ સાથે થયેલ હતા. લગ્નગાળામાં હાલ ૮ માસનો બાળક પણ ધરાવ છે. પતિ-પત્નિ અલગ રહેતા હોય ૧૪ માર્ચના રોજ પતિ, સાસુ, સસરા, દિયર ઘરમં હાજર ન હતા. નણંદ અને ભાભી એકલા ઘરે હતા. ત્રણ કલાકના સમય બાદ ભાભીની રૂમમાં જતાં બાથરૂમમાં ગળે ફાંસો ખાધેલ હાલતમાં મળી આવ્યા હતા. જયારે ૮ માસનો બાળક પણ મૃત હાલતમાં જોવા મળ્યું હતું. આ બાબતે પિયર પક્ષને જાણ કરતાં પિયર પક્ષ દ્વારા દિકરી અને બાળકની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાની મોટી ઉભરવાણ ગામે રહેતા કમલેશ મહેશભાઈ રાઠવાના લગ્ન ધનકુવા પાસે વાંકડીયા ગામે રેશમાબેન સાથે ત્રણ વર્ષ અગાઉ થયા હતા. બન્નેને ઘરમાં અલગ રહેતા હતા. ૧૪ માર્ચના રોજ કમલેશ ખાનગી કંપનીમાં નોકરી ગયો હતો. નાનોભાઈ આદેશ માતા સાથે ખેતરમાં ગયા હતા. પિતા મહેશભાઈ આણંદ ખાતે કામઅર્થે ગયા હતા. ઘરમાં નણંદ અને ભાભી રેશમા એકલા હતા. નણંદ બપોરે ત્રણ કલાકે ભાભીની રૂમમાં ગયા હતા ત્યારે ખાટલામાં ૮ માસનો દિકરો પડી રહ્યો હતો. ભાભી દેખાતા નહિ તપાસ કરતાં બાથરૂમમાં ગળે ફાંસો ખાધેલ હાલતમાં જોઈ હતી અને બાળકને જોતા તેના પણ શ્વાસ ચાલત ન હતા. આ બાબતે નણંદ પૂર્વીએ ઘટના અને ભાઈ કમલેશ અને ઘરે આવવા જણાવ્યું હતું સાથે આડોશ-પાડોશમાં જાણ કરતાં છોડી આવ્યા હતા. પરિવારજનોએ રેશમાનો મૃતદેહ ઉતારીને ખાટલા ઉપર સુવડાવી દીધો હતો અને રેશમાબેનના પિયરમાં વાંકડીયા ગામે બનાવ અંગે જાણ કરી હતી. જેને લઈ પિયરીયા પણ દોડી આવ્યા હતા. સાંજે મોડુ થઈ જતાં બન્ને પક્ષો એ શું કરવું તેનો નિર્ણય કરી શકતા ન હતા. છેવટે સવારે રેશમાબેનના પિયર પક્ષ દ્વારા દિકરી અને છ માસના બાળકની હત્યા કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ પાવાગઢ પોલીસ મથકે નોંધાવી હતી. પોલીસે બન્ને મૃતદેહનો કબ્જો લઈ પીએમ અર્થે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે પ્રાથમિક અનુમાન મુજબ મૃતક રેશમાબેને પોતાના ૮ મહિનાના બાળકની હત્યા કરી પોતે આત્મહત્યા કરી હોવાનો અંદેશા સાથે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# ઘોઘંબાના દુધાપુરાના શિક્ષકને શિક્ષણતાનો સેવા કાર્ય દિવ્યાંગ ત્રણ વ્યકિતને શ્રીરંગ તીર્થ સેવા ફાઉન્ડેશનની મદદ થી સાયકલ અપાઈ



ઘોઘંબા,

શિક્ષક એટલે સમાજ નો ઘડવૈયો કહેવાય છે પરંતુ અનોખી સેવા ના કામ કરીને પોતાનો શિક્ષક ધર્મ નિભાવતા ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષકએ સમાજ, વિદ્યાર્થી અને શાળાનો ત્રિવેણી સંગમ બનાવે છે. અને રાષ્ટ્રનિર્માણમાં સમર્પિત થનાર ભારતનું ભાવિ ઘડનાર છે.

આવું જ એક ઉત્તમ ઉદાહરણ ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષકે સમાજસેવાના ઉમદા કાર્ય કરી રહ્યા છે. હાલમાં તેઓ દ્વારા ઘોઘંબા તાલુકાના ત્રણ દિવ્યાંગ લોકોને પગે ચાલવાની તકલીફ હોય તેવા લોકોને શ્રીરંગ સેવા તીર્થ ફાઉન્ડેશન વડોદરાના સહયોગથી શિવરાત્રીના પવિત્ર દિવસે વિનામૂલ્યે સાયકલ અર્પણ કરી હતી.

લોકોની જિંદગીમાં નવો ઉજાસ અર્પણ કરાયો હતો. આ સાથે તેઓના વિવિધ સેવાકીય કાર્ય દ્વારા જરૂરિયાત મંદ લોકોને અનાજ, કપડાં, કરિયાણું, સ્વેટર, નોટબુક, કંપાસ તથા જીવન જરૂરી વસ્તુઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું ઉત્તમ યોગદાન પણ કરવામાં આવેલ છે. આવું ઉમદા વ્યકિતત્વ ધરાવનાર શિક્ષક પ્રત્યે સૌ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવવામાં આવે છે.

# ગોધરા ખાતે વિશ્વ સાહિત્ય વિશે રાજયસ્તરીય એક દિવસીય પરિસંવાદ યોજાયો



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

કુમાર ફાઉન્ડેશન અને સાહિત્ય અકાદમી ગાંધીનગરના સયુક્ત ઉપક્રમે ગોધરાની કલરવ હાઈસ્કૂલ ખાતે વિશ્વ સહિત્ય વિશે રાજયસ્તરીય પરિસંવાદ યોજ્યો. વિશ્વ સાહિત્ય વિશે વિદ્યાર્થીઓ,અધ્યાપકો તેમજ પી એચ ડીના શોધકર્તાઓને ઉપયોગી થવાના મૂળ હેતુથી આ એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવાં આવ્યુ હતું.

કાર્યક્રમનું ઉદઘાટન પંચમહાલ જિલ્લાના કલેક્ટર અમિત અરોરા સાહેબ અને ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલ સચિવ ડો અનિલભાઈ સોલંકી દ્વારા દીપ પ્રગટાવીને કર્યો હતો. તેમણે પરિસંવાદમાં પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પરિસંવાદમાં કુલ ૭૦ જેટલા રસિક લોકોએ ભાગ લઈ વિશ્વ સાહિત્ય વિશે વિશદ માહિતી મેળવી હતી. ઉદઘાટન હહિસમારંભની આભારવિધિ ડો. સુરેશ પટેલે કરી હતી. આખા કાર્યક્રમનું સુંદર આયોજન ડો.કુમાર જૈમિનિ શાસ્ત્રીએ કર્યુ હતું. આ પરિસંવાદમાં પ્રસિદ્ધ સહિત્યકાર મણિલાલ પટેલે વિશ્વ સાહિત્યની વિભાવના વિશે, રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિ વિશે ડો પ્રસાદ બ્રહ્મભટ્ટે લે. અર્નેસ્ટ હેમીંગ્વેની ઓલ્ડ મેન એન્ડ ધ સી વિશે ડો જગદીશ જોશીએ, ડો ડી પી માછી દ્વારા અભિજ્ઞાન શાકુંતલમ અને મેઘદૂત વિશે, ડો. સતીશ ડણાકે માનવીની ભવાઈ વિશે, ડો. શૈલેંદ્ર પાંડે દ્વારા સોફોક્લીસકૃત ઈડિપસ વિશે પોતાના વક્તવ્યો આપ્યા હતા. ત્રણેય સત્રનું સંચાલનમાં ઉર્વશીકુમારી ઉમરેઠિયા, હીરામતીબેન સોની અને ડો રાજેશ વણકર દ્વારા કરવામાં આવ્યુ હતું. સમાપનસત્ર નૂતન હાઈસ્કુલના આચાર્યના અધ્યક્ષ સ્થાને જોયાયો હતો. શોધ પત્રના વાંચન બાદ ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર અને ગિફ્ટ આપવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમનું સંચાલન કુમાર ફાઉન્ડેશનના પ્રમુખ કુમાર જૈમિનિ શાસ્ત્રી દ્વારા કરવામા આવ્યુ હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પી એચ ડીના વિદ્યાર્થી અને રાયસિંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક મહેન્દ્ર પરમારે કરી હતી. છેલ્લે પરિસંવાદ વિશે વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યો હતો. પરિસંવાદની આભારવિધિ અને સમાપન વક્તવ્ય કુમાર જે. એન. શાસ્ત્રી એ કર્યુ હતુ.

# પંચમહાલ જિલ્લામાં કોરોનાનો ભરડો સોમવારે ૧૬ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં સોમવાર ના રોજ કોરોનાના નવા ૧૬ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૧૩૨ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૭૧ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૦ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૦૭૧ થવા પામી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર એવા ગોધરામાંથી ૦૫,હાલોલમાંથી ૦૧ કેસ મળી આવતા અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૦૬૧ કેસો મળી આવ્યા છે. આજે કુલ ૦૭ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૯૨૦ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૧૩૨ થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ વધતા કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો નોંધતા માત્ર જિલ્લાના ગોધરા શહેર અને તાલુકામાં ૧૫ કેસ નોંધાતા ગોધરા વાસીઓ અને તાલુકા વાસીઓઆ ફફડાટ ફેલાવા પામ્યો છે.ત્યારે પરિસ્થિતિ હજી પણ વણસી શકવાની પુરેપરી સંભાવના રહેલી હોય માટે સૌ કોઈએ સોશિઅલ ડિસ્ટન્સ નું પાલન,માસ્ક અને સેનેટાઈઝર નો મહત્તમ ઉપયોગ થકી સાવધાની કેળવવી જ પડશે.

## ગોધરાના ઈદગાહ મહોલ્લા પાસે કત્તલના ઈરાદે ફોર વ્હીલમાં રાખેલ ત્રણ ગૌવંશ પોલીસે બચાવ્યા

ગોધરા,

ગોધરાના ઈદગાહ મહોલ્લામાં કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ત્રણ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, ફોર વ્હીલ ગાડીમાં ત્રણ ગૌવંશને કત્તલ માટે રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૩ ગૌવંશ અને મુદ્દામાલ મળી ૨,૧૫,૦૦૦/-રૂપીયા સાથે સુફીયાન હનિફ કનડાને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે પશુ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના ચેલાવાડાની આદિવાસી સમાજની યુવતિએ નારી શકિત ચંદ્રક મેળવી ગૌરવ વધાર્યું



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામની આદિવાસી સમાજની યુવતિ સુરેખા રતનસિંહ રાઠવા એમ.એ.નો અભ્યાસર કરી રહી છે. ગુજરાત યુનિવર્સીટીમાંથી ચાલુ વર્ષ ઈતિહાસ વિષય ઉપર " સ્કુલ ઓફ સોશ્યલ સાયન્સ"નો ર્ડા.કુમારી ઉષા ભટ્ટ નારી શકિત કેન્દ્ર મેળવનારીને સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ વિદ્યાર્થીની બની છે. આ ચંદ્રક સુરેખા એ તેના માતા-પિતા અને પ્રદયાપકોને અર્પણ કરતા જણાવ્યું કે, તેના માતા-પિતાની ઈચ્છા છે કે તે એક પ્રદયાપક બનવાનું સ્વપ્ન છે.

પંચમહાલ જીલ્લાના અંતરીયાળ વિસ્તાર આદિવાસી વિસ્તારમાંથી અભ્યાસ કરતી યુવતિને આ સન્માન મળ્યું એ સમગ્ર જીલ્લા માટે ગૌરવની બાબત છે. ઈતિહાસ વિષયમાં નારીશકિતનો ચંદ્રક મેળવનાર સુરેખા આદિવાસી સમાજની દિકરીઓ વધુ નામના મેળવે એ માટે કામ કરવાની ઈચ્છા રાખે છે. ર્ડા. ઉષા ભટ્ટના જીવનથી પ્રભાવિત થઈ તેઓ જેવા કાર્યો કરવાની ઈચ્છા ધરાવે છે.